અનુસંધાન ... પાના પહેલાનું

જિનપિંગની અમેરિકા...

હતું કે, "આપણી પાસે AIનો વિકાસ અને સંચાલન લોકોના ભલા માટે કરવાની તથા AIનો વિકાસ હંમેશા માનવીય નિયંત્રણ હેઠળ રહે તે સુનિશ્ચિત કરવાની ક્ષમતા અને જવાબદારી બંને છે." જોકે, AIનો જવાબદારીપૂર્વક વિકાસ થાય તે માટે બંને દેશો કયા ચોક્કસ નિયમો કે સુરક્ષાત્મક ધોરણો (safeguards) અપનાવશે તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી નહોતી. અમેરિકાના સૌથી મોટા આર્થિક હરીફ દેશના પ્રમુખ સાથે ચર્ચા કરવા માટે ટ્રમ્પ પાસે ઘણા જટિલ મુદ્દાઓ છે, તેમ છતાં ઔપચારિક વાટાઘાટો પહેલાં સહયોગીઓ સાથે એકઠા થયેલા ટ્રમ્પે શિ સાથેના તેમના લાંબા સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, "2016 માં મારી પહેલી ચૂંટણીના સમયથી જ, પ્રમુખ શિ અને મેં પરસ્પર સન્માન અને આપણા દેશોના લોકોના મહત્વપૂર્ણ હિતો પર આધારિત એક મિત્રતા - વાસ્તવમાં એક સાચે જ મહાન મિત્રતા - કેળવી છે."

કોઇ મોટા સમાચાર નેટવર્કે કાર્યક્રમનું કવરેજ કર્યું નહીં

ચીની પ્રમુખની વ્હાઇટ હાઉસની મુલાકાત અને તેમના ભોજન સમારંભ સહિતના કાર્યક્રમોનું કવરેજ કરવા માટે અમેરિકાના કોઇ મોટા ન્યૂઝ નેટવર્કના પ્રતિનિધિઓ હાજર ન હતા. જિનપિંગના વ્હાઇટ હાઉસમાં આગમનને પણ ખાસ કવરેજ મળ્યું નહીં કારણ કે સીએનએન સહિત ત્રણ મીડિયા ગૃહો પર ટ્રમ્પે મૂકેલા પ્રતિબંધનો વિરોધ કરવા અન્ય પણ ઘણા મીડિયા ગૃહો ટ્રમ્પના કાર્યક્રમોનો બહિષ્કાર કરી રહ્યા છે.

અમેરિકા આગળ...

સામે સ્પષ્ટતા કરી હતી કે, "આપણે સ્પર્ધાનો સ્વીકાર કરવો જોઈએ, પરંતુ આ સ્પર્ધા સ્વસ્થ અને મર્યાદામાં હોવી જોઈએ. આ એકબીજાથી આગળ નીકળવાની રેસ હોવી જોઈએ, કોઈ એકની હાર કે જીત નક્કી કરતી કુસ્તી નહીં."

ચીની પ્રમુખને...

મિસિસિપીના રિપબ્લિકન સેનેટર રોજર વિકરે જણાવ્યું હતું કે, "પ્રામાણિકપણે કહું તો, જો વ્હાઈટ હાઉસે મારી સલાહ માંગી હોત, તો મેં પ્રમુખને સલાહ આપી હોત કે તેઓ પ્રમુખ શિ જિનપિંગ અને ચીની કમ્યુનિસ્ટ પાર્ટી સાથેની આપણી તમામ ચિંતાજનક સમસ્યાઓના આધારે શિને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં આવા ભવ્ય સ્વાગત માટે આમંત્રણ ન આપે."

વીમા વિતરણના...

વર્તન, પારદર્શિતા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. IRDAIએ જણાવ્યું છે કે પ્રસ્તાવિત સુધારાઓનો હેતુ "ગ્રાહક-કેન્દ્રિત, સ્પર્ધાત્મક, કાર્યક્ષમ અને પારદર્શક વિતરણ વ્યવસ્થા" ઊભી કરવાનો છે. IRDAIના વીમા ક્ષેત્રમાં ઘણા ફેરફારોનો પ્રસ્તાવથી ગ્રાહકો સરળતાથી પોલિસી માહિતી મેળવી શકશે. તેણે કંપનીઓના ખર્ચ અને કમિશન પર મર્યાદા નક્કી કરવાનો અને હેલ્થ, ટર્મ અને મોટર વીમામાં કમિશન ઘટાડવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. ગ્રાહકો પોતાનો મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામું આપ્યા વિના પોલિસી પ્રીમિયમ, સુવિધાઓ અને અન્ય માહિતી જોઈ શકશે. તે એવી વેબસાઈટ્સ પર "ડાર્ક પેટર્ન" પર પ્રતિબંધ મૂકવાનો પણ પ્રસ્તાવ મૂકે છે જે ગ્રાહકો પાસેથી બળજબરીથી વ્યક્તિગત માહિતી એકત્રિત કરે છે.

કંપનીઓના ખર્ચ પર મર્યાદા લાદવામાં આવશે

IRDAI એ વીમા કંપનીઓના મેનેજમેન્ટ ખર્ચ (EoM) ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જીવન વીમા કંપનીઓને બે વર્ષમાં તેમના EoM ને પ્રીમિયમના 15% અને પાંચ વર્ષમાં 12.5% સુધી ઘટાડવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. સામાન્ય વીમા કંપનીઓ માટે, આ મર્યાદા બે વર્ષમાં 25% અને પાંચ વર્ષમાં 20% કરવાનો પ્રસ્તાવ છે. આનો અર્થ એ છે કે કંપનીઓએ તેમના સંચાલન અને વિતરણ ખર્ચને વધુ નિયંત્રિત કરવા પડશે. કમિશન અને અન્ય વેચાણ ખર્ચ પણ આ દાયરામાં આવે છે. તમે તમારો ફોન નંબર આપ્યા વિના પણ પોલિસીની માહિતી જોઈ શકો છો. વીમા વેબસાઇટ્સ પર એક મોટો ફેરફાર ગ્રાહકો માટે મહત્વપૂર્ણ હોઈ શકે છે. દરખાસ્ત મુજબ, જો કોઈ ફક્ત પોલિસીના પ્રીમિયમ અથવા સુવિધાઓની સમીક્ષા કરવા માંગે છે, તો તેણે પહેલા પોતાનું નામ, મોબાઇલ નંબર અથવા ઇમેઇલ સરનામું આપવાની જરૂર નથી. ગ્રાહકો કોઈપણ વ્યક્તિગત માહિતી શેર કર્યા વિના પોલિસીની કિંમત, સુવિધાઓ, પ્રદર્શન અને અન્ય મહત્વપૂર્ણ માહિતી જોઈ શકશે.

મહત્તમ કમિશન...

5 વર્ષનો ગાળો: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 10% અને એજન્ટો માટે 12.5%.

6થી 8 વર્ષનો ગાળો: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 14% અને એજન્ટો માટે 17.5%.

9 વર્ષનો ગાળો: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 18% અને એજન્ટો માટે 22.5%.

10 વર્ષ કે તેથી વધુ: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 20% અને એજન્ટો માટે મહત્તમ 25%.

◆ **સિંગલ પ્રીમિયમ પોલિસી:**

બચત પોલિસી: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 1% અને એજન્ટો માટે 2%.

પ્યોર-ટર્મ પોલિસી: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 7.5% અને એજન્ટો માટે 10%.

મલ્ટી-ઈયર ટર્મ ઈન્સ્યોરન્સ:

પ્રથમ વર્ષનું કમિશન: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે મહત્તમ 25% અને એજન્ટો માટે 30%.

રિન્યૂઅલ કમિશન: ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ માટે 7.5% અને એજન્ટો માટે 10%.

◆ **રિન્યૂઅલ કમિશન પર શા માટે ભાર?**

IRDAIનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વિતરકો માત્ર પ્રથમ વર્ષે નવી પોલિસી વેચીને કમિશન મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, ગ્રાહકો લાંબા ગાળા સુધી પોલિસી ચાલુ રાખે (પ્રીમિયમ ભરતા રહે) તે માટે તેમને પ્રોત્સાહિત કરે.

તમામ પ્રકારના લાભો 'કમિશન' ગણાશે

IRDAI એ સ્પષ્ટ કર્યું છે કે વિતરકોને કોઈપણ નામે આપવામાં આવતી ચુકવણી–જેમ કે કેશ ઇન્સેન્ટિવ, એવોર્ડ્સ, વેચાણ ખર્ચનું વળતર કે નોન-કેશ ગિફ્ટ્સ–આ તમામ બાબતોને કમિશનની નિર્ધારિત કેપ/મર્યાદા હેઠળ જ ગણવામાં આવશે.

એનાલોગ પનીરના...

ઓફ ઇન્ડિયા (FSSAI)એ એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, "ઉત્પાદનની પ્રકૃતિ અને બંધારણ અંગે ગ્રાહકોને ગેરમાર્ગે દોરાતા અટકાવવા માટે પનીર તરીકે એનાલોગ પ્રોડક્ટના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે આ સુધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે." તેણે વધુમાં ઉમેર્યું હતું કે, 'ડેરી કોન્ટેક્સ્ટમાં એનાલોગ' શ્રેણી હેઠળ પહેલાથી જ લાઇસન્સ પ્રાપ્ત અથવા નોંધાયેલ ઉત્પાદનોએ તેમના નામાભિધાન, લેબલિંગ અથવા માર્કેટિંગમાં 'પનીર' શબ્દનો ઉપયોગ બંધ કરવો જોઈએ. ઘણા રાજ્યોએ એનાલોગ પનીરના ઉત્પાદન અને વેચાણ પર પહેલાથી જ પ્રતિબંધ મૂકી દીધો છે. દરમિયાન, આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે FSSAIએ -દૂધ સિવાયની વસ્તુઓમાંથી મેળવેલી પ્રોડક્ટ્સ માટે 'પનીર' શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

ગોવાના 97...

દ્વારા તે નિર્ણયોને બદલી શક્યા નહીં. કારણ કેઃ તેમ કરવાની પરવાનગી દિલ્હીથી નિયંત્રિત થતી હતી. ચૂંટણી પંચે જણાવ્યું છે કે ECINet સિસ્ટમમાં એવી કોઈ રોલબેક જોગવાઈ નથી કે જેનાથી ચૂંટણી નોંધણી અધિકારીઓ એકવાર મતદારનું નામ કાઢી નાખવા માટે ફોર્મ 7 પર ક્લિક કર્યા પછી તે રદ્દીકરણને પાછું ખેંચી શકે. ગોવા મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન શરૂઆતમાં "તાર્કિક વિસંગતતાઓ" માટે ચિહ્નિત કરાયેલા 97 મતદારોને અંતિમ મતદાર યાદીમાં સમાવેશ માટે પાત્ર ગણવામાં આવ્યા પછી પણ આ સુવિધા ચાલુ કરવા માટે વારંવાર વિનંતીઓ કરવામાં આવી હતી, જેના પર પ્રશ્નો ઊભા થયા બાદ આ સ્પષ્ટતા આવી છે. ઉલ્લેખનીય છે કે બે ચૂંટણી કમિશનરો સંધુ અને જોશીએ મતદારયાદીઓ માટેના સોફ્ટવેરનું કેન્દ્રીયકરણ કરવા સામે અને રાજ્યોના અધિકારીઓને આ પ્રક્રિયામાંથી કાઢી નાખવા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.

દિલ્હી ડાયરી...

તરીકેનો તેમનો કાર્યકાળ પૂરો થયા પછી ગિલ કોંગ્રેસમાં જોડાયા હતા અને તેમને કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી બનાવવામાં આવ્યા હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન, તત્કાલીન ચૂંટણી કમિશનર અશોક લવાસાએ ભાજપના અગ્રણી નેતાઓને આચારસંહિતાના કથિત ભંગ મામલે આપેલી 'ક્લીન ચિટ' સામે અસંમતિ દર્શાવી હતી. તેમણે માંગ કરી હતી કે તેમની આ અસંમતિ નોંધને અંતિમ પ્રકાશિત આદેશમાં સામેલ કરવામાં આવે.

ગૃહ મંત્રાલયમાં વહીવટી સુધારો

ગૃહ મંત્રાલયે નવેમ્બર ૨૦૨૫થી ઓગસ્ટ ૨૦૨૬ વચ્ચે બાકી વહીવટી કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં અને કામકાજની સ્થિતિ સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. મંત્રાલયના સૂત્રો અનુસાર, તેણે ૫૯,૦૦૦ થી વધુ જાહેરમાંથી આવેલી ફરિયાદો અને અપીલોનો નિકાલ કર્યો છે, જે તેની કચેરીઓને વધુ કાર્યક્ષમ બનાવવાના પ્રયાસો દર્શાવે છે. મંત્રાલયના અધિકારીઓએ ૫૨,૦૫૦ ફરિયાદો અને ૭,૪૧૦ અપીલોનો ઉકેલ નોંધાવ્યો છે. નાગરિકો જ્યારે મંત્રાલયને ચોક્કસ સમસ્યાઓ ઉકેલવા વિનંતી કરે છે ત્યારે ફરિયાદો નોંધાવે છે, જ્યારે અગાઉના નિર્ણયો અપૂર્ણ અથવા અસંતોષકારક જણાય ત્યારે અપીલ કરવામાં આવે છે. નાગરિકોની ફરિયાદો ઉકેલવા ઉપરાંત, ગૃહ મંત્રાલયે સંસદસભ્યોની ૨૯૯, રાજ્ય સરકારોની ૩૩૬ અને વડા પ્રધાન કાર્યાલયની સાત વિનંતીઓ પૂર્ણ કરી છે. સંસદ અને રાજ્ય સરકારોની વિનંતીઓમાં સામાન્ય રીતે વિવિધ વિભાગો વચ્ચે સંકલન, સ્થળ તપાસ અહેવાલો તૈયાર કરવા અથવા નીતિ વિષયક બાબતોમાં સ્પષ્ટતાની જરૂર હોય છે. વડા પ્રધાન કાર્યાલયમાંથી ઓછી સંખ્યામાં વિનંતીઓ આવી હોવા છતાં મંત્રાલયે તેમને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી. કારણ કે, તે સામાન્ય રીતે સરકારના ઉચ્ચ સ્તરેથી ઊભા થયેલા મહત્ત્વના મુદ્દાઓ સાથે સંબંધિત હોય છે. જાણવા મળ્યું છે કે, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જનતા સાથે સીધા જોડાયેલા ક્ષેત્રીય અને બહારની કચેરીઓના અધિકારીઓ પર વિશેષ ધ્યાન આપવાનો નિર્દેશ આપ્યો છે.

શી જિનપિંગને પ્રસન્ન કરવા ડોનાલ્ડ ટ્રમ્પ કમ્મરેથી બેવડ કેમ વળી રહ્યા છે?

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર તેઓ બુધવારે અમેરિકાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાત માટે પહોંચ્યા હતા. એક સમયે ચીન વિરુદ્ધ આકરી ટીકા કરનારા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ હવે શી જિનપિંગને પ્રેમ કરી રહ્યા છે. પ્રશ્ન એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પ બદલામાં શું ઇચ્છે છે? ડોનાલ્ડ ટ્રમ્પ-શી જિનપિંગની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ચીને સપ્લાય ચેઇન પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરીને અમેરિકાનું નાક દબાવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં વધતા જતા ફુગાવાનો અને ઈરાન યુદ્ધમાં પછડાટનો સામનો કરી રહ્યા છે. ઘણા નિષ્ણાતો માને છે કે આ બેઠકમાં શી જિનપિંગનો હાથ ઉપર છે. શી જિનપિંગ ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના વડા તરીકે ચોથી મુદત માટે તૈયારી કરી રહ્યા છે, જે તેમના શાસનને પાંચ વર્ષ સુધી લંબાવી શકે છે. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પ મધ્યસત્ર ચૂંટણી તરફ આગળ વધી રહ્યા છે, જ્યાં તેમનું મંજૂરી રેટિંગ ઓછું છે અને મતદારો ઈરાન યુદ્ધની અસરોનો સામનો કરી રહ્યા છે. વૈશ્વિક રાજદ્વારીના પાના પર તાજેતરમાં એક અચંબાજનક ઘટના બની છે, જેણે સમગ્ર વિશ્વને ઊંડા વિચારમાં મૂકી દીધું છે. જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના સૌથી મોટા ભૂરાજકીય હરીફ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનું અમેરિકામાં આગમન પર શાહી સ્વાગત કર્યું, ત્યારે રાજદ્વારી વર્તુળોમાં ખળભળાટ પેદા થવો અનિવાર્ય હતો. મે મહિનામાં બેઇજિંગની મુલાકાત દરમિયાન કોઇપણ પ્રોટોકોલ કે પ્રેસ કોન્ફરન્સ વિના ખાલી હાથે પાછા ફરનારા ડોનાલ્ડ ટ્રમ્પે વોશિંગ્ટનમાં શી જિનપિંગ પ્રત્યે સંપૂર્ણપણે અલગ વલણ દર્શાવ્યું છે, જેનાથી વૈશ્વિક રાજદ્વારી સમીકરણ બદલાઈ ગયું છે. એક દાયકા પછી અમેરિકાની ધરતી પર ઊતરેલા શી જિનપિંગનું સ્વાગત કરવા માટે અમેરિકી રાષ્ટ્રપતિ પોતે એન્ડ્રુઝ જોઈન્ટ બેઝના રનવે પર પહોંચ્યા હતા. સામાન્ય રીતે અમેરિકાના રાષ્ટ્રપતિ વિદેશી રાષ્ટ્રપ્રમુખોનું સ્વાગત વ્હાઇટ હાઉસમાં કરે છે, પરંતુ આ વખતે ડોનાલ્ડ ટ્રમ્પે તેમનો પ્રોટોકોલ તોડીને ચીની રાષ્ટ્રપતિનું શાહી અંદાજમાં સ્વાગત કર્યું છે. ૧૯૬૨ પછી આ પહેલી વાર છે કે જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ કોઈ વિદેશી મહેમાનનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર આવ્યા છે. તેથી આ મુલાકાતને ખૂબ જ ખાસ માનવામાં આવે છે.વોશિંગ્ટનમાં આ દૃશ્ય મે મહિનામાં ડોનાલ્ડ ટ્રમ્પની બેઇજિંગ મુલાકાતથી તદ્દન વિપરીત છે, જ્યાં શી જિનપિંગ એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવા આવ્યા ન હતા અને ડોનાલ્ડ ટ્રમ્પને કોઈ મોટા કરાર કે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ વિના ખાલી હાથે પાછા ફરવું પડ્યું હતું. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની હાલની વોશિંગ્ટન મુલાકાત એક દાયકા પહેલાની તેમની અમેરિકાની મુલાકાતથી વિપરીતતા રજૂ કરે છે. શી જિનપિંગ એક દાયકાથી વધુ સમયથી સત્તા ઉપર છે. તેઓ હવે ચીનના સૌથી વધુ મજબૂત નેતા તરીકે બહાર આવ્યા છે. અર્થતંત્ર અને વૈશ્વિક પ્રભાવની દૃષ્ટિએ ચીનની સ્થિતિ મજબૂત છે. ચીનની વધેલી સોદાબાજી શક્તિનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ દુર્લભ પૃથ્વી ખનિજોના કિસ્સામાં જોવા મળે છે. અમેરિકા સાથેના વેપાર સંઘર્ષ બાદ ચીને દુર્લભ પૃથ્વી ખનિજોનો પુરવઠો અટકાવીને અમેરિકાને મોટો ફટકો માર્યો હતો. દુર્લભ પૃથ્વી ખનિજોની સપ્લાય ચેઇન પર ચીનનું વર્ચસ્વ એક એવું પરિબળ છે, જેની ભરપાઇ કરવી વોશિંગ્ટનને મુશ્કેલ લાગે છે. ડોનાલ્ડ ટ્રમ્પ સાથે શી જિનપિંગની મુલાકાતના અલગ અલગ ઉદ્દેશ્યો છે. ચીનને આશા છે કે અમેરિકા તેને ટેકનોલોજી પરના પ્રતિબંધો બાબતે રાહત આપશે. ચીન અને અમેરિકા વચ્ચે તાઇવાનને આપવામાં આવતી અમેરિકી સહાય પણ એક મુદ્દો છે. તાઇવાનનો મુદ્દો વોશિંગ્ટનને સોદાબાજી માટે એક સાધન પૂરું પાડે છે. નિષ્ણાતો માને છે કે શી જિનપિંગ ડોનાલ્ડ ટ્રમ્પ પર તાઇવાનને ૧૪ અબજ ડોલરના અમેરિકન શસ્ત્રોના વેચાણમાં વિલંબ કરવાનું દબાણ કરશે.

આ વાત એ હકીકતને ધ્યાનમાં રાખીને સમજી શકાય છે કે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ હાલમાં ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ અને તેના પરિણામે દેશમાં

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

જાહેર ગુસ્સાનો સામનો કરી રહ્યા છે. દરમિયાન, અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ ચીનના ઝડપથી વધતા કદ અંગે વધતી જતી જનતાની ચિંતાને શાંત કરવા માંગે છે. એમાં કોઈ શંકા નથી કે ડોનાલ્ડ ટ્રમ્પને આ સમયે એક મજબૂત વૈશ્વિક છબી અને ઉત્તમ દૃષ્ટિકોણની જરૂર છે, જેથી તેઓ સ્થાનિક જનતાને બતાવી શકે કે તેઓ વિશ્વના સૌથી શક્તિશાળી નેતા સાથે સમાન સ્તરે ઊભા છે.

છેલ્લા દાયકામાં બંને દેશોની અર્થવ્યવસ્થાએ જબરદસ્ત પ્રગતિ કરી છે. જોકે અમેરિકા હજુ પણ પોતાનો ફાયદો જાળવી રાખે છે. ચીન પાસે હવે અમેરિકા સાથે સ્પર્ધા કરવાની શક્તિ અને તેનો ઉપયોગ કરવાની હિંમત બંને છે. ગયા વર્ષે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૧૨૫ ટકાનો જંગી ટેરિફ લાદ્યો હતો, ત્યારે ડ્રેગને પણ પીછેહઠ કરવાને બદલે વળતાં કડક પગલાં લીધાં હતાં, જેને કારણે અમેરિકાના ઉદ્યોગો આપત્તિમાં મૂકાઇ ગયા હતા. સ્માર્ટફોનથી લઈને ફાઇટર જેટ સુધીની વસ્તુઓમાં વપરાતા દુર્લભ પૃથ્વી ખનિજોની પ્રક્રિયા પર ચીનનો એકાધિકાર છે, જેના કારણે અમેરિકાને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી હતી. અમેરિકાએ પહેલેથી જ જાહેરાત કરી દીધી છે કે ચીન સાથેનો વેપાર યુદ્ધવિરામ આવતા વર્ષની શરૂઆત સુધી લંબાવવામાં આવ્યો છે. એ પણ નોંધનીય છે કે આ મુલાકાત દરમિયાન શી જિનપિંગના સ્ટેટ ડિનરમાં વિશ્વની કેટલીક અગ્રણી કંપનીઓના વડાઓ હાજરી આપશે, જેમ કે એપલના જોન ટર્નસ, એનવીડિયાના જેન્સન હ્વાંગ અને ઓપનએઆઈના સેમ ઓલ્ટમેન તેમાં હાજર રહેવાના છે. આનો હેતુ વિશ્વને સંદેશ આપવાનો છે કે વિશ્વની સૌથી મોટી ફેક્ટરી ચીન અને તેના સૌથી મોટા ગ્રાહક અમેરિકા વચ્ચે ઊંડા મતભેદો હોવા છતાં સમતુલા જાળવી શકાય છે. બંને દેશો AIના ભવિષ્ય અને સ્પર્ધાના વધતા જોખમો બાબતમાં પણ ચર્ચા કરી શકે છે. આ સમગ્ર બેઠકનું સૌથી રસપ્રદ પાસું બંને નેતાઓ વચ્ચેના અલગ અલગ વિચારો છે. ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે સમય જતાં અમેરિકન અર્થતંત્ર મજબૂત થશે. શી જિનપિંગ માને છે કે અમેરિકાનું અર્થતંત્ર હવે પતન તરફ જઈ રહ્યું છે. અમેરિકા અને ચીન વચ્ચેની ટેકનોલોજીકલ સ્પર્ધામાં AI હવે એક મુખ્ય મુદ્દો બની ગયો છે. બંને દેશો વચ્ચેનો વિવાદ એ છે કે સૌથી શક્તિશાળી AI ટેકનોલોજી અને મોડેલ કોની પાસે હશે અને તેનો ઉપયોગ કેટલો સુરક્ષિત રહેશે. અમેરિકાને ચિંતા છે કે તેની AI ટેકનોલોજી અને મોડેલો ચીન સુધી પહોંચી શકે છે. તેણે ચીનને AI ચિપ્સ અને અન્ય આવશ્યક ટેકનોલોજીના સપ્લાય પર અનેક નિયંત્રણો લાદ્યા છે. અમેરિકાએ ચીની AI કંપનીઓ અંગે સુરક્ષા ચિંતાઓ પણ વ્યક્ત કરી છે. ચીન આ પ્રતિબંધોનો વિરોધ કરે છે અને કહે છે કે અમેરિકા ટેકનોલોજી અને વેપારની પહોંચમાં અવરોધ ઊભો કરી રહ્યું છે. ન્યૂયોર્કમાં થયેલી વાટાઘાટો દરમિયાન બંને દેશોએ AI પર વાતચીત શરૂ કરવા સંમતિ દર્શાવી હતી. અમેરિકાએ એવો પણ પ્રસ્તાવ મૂક્યો હતો કે બંને દેશો AI સંબંધિત સુરક્ષા મુદ્દાઓ પર માહિતી શેર કરે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો બની શકે છે. ઈરાનનો મુદ્દો પણ બંને દેશો વચ્ચે ચર્ચાનો વિષય બની શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ બેઇજિંગ માટે મહત્ત્વપૂર્ણ મુદ્દા પર પ્રગતિના બદલામાં ઈરાન પર હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે દબાણ કરી શકે છે. ઈરાન ચીન માટે મહત્ત્વપૂર્ણ સાથીદાર છે, કારણ કે તે તેનો સૌથી મોટો તેલ ખરીદનાર અને સૌથી મોટો વેપારી ભાગીદાર છે. ચીન ધારે તો ઈરાન પર રાજકીય દબાણ લાવી શકે છે. અમેરિકાએ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીના ટેરિફ લાદવાનો અધિકાર આપ્યો છે. ભારત અને ચીન પણ તેનાથી પ્રભાવિત થઈ શકે છે. ચીન રશિયા પાસેથી નોંધપાત્ર પ્રમાણમાં તેલ અને ગેસ ખરીદે છે. તેણે રશિયા સાથેના વેપારમાં અમેરિકા જેવા ત્રીજા દેશો દ્વારા દખલગીરીનો સતત વિરોધ કર્યો છે. તેથી, ડોનાલ્ડ ટ્રમ્પ અને શી વચ્ચેની વાટાઘાટોમાં રશિયા પાસેથી ઊર્જા ખરીદી પર અમેરિકાનું દબાણ એક મુખ્ય મુદ્દો બની શકે છે. શી જિનપિંગ અમેરિકા સાથેના સંબંધો બગડવાથી બચવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સીધી વાતચીત ચાલુ રાખવા માંગે છે. ગુરુવારની મુલાકાત એક વર્ષથી ઓછા સમયમાં બંને નેતાઓ વચ્ચેની ત્રીજી મુલાકાત હશે. આ બેઠકોમાં કોઈ મોટા કરાર થયા નથી, પરંતુ બંને નેતાઓ વચ્ચે ચર્ચા ચાલુ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ વાત એ હકીકતને ધ્યાનમાં રાખીને સમજી શકાય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં ઈરાન સાથે ચાલી રહેલાં યુદ્ધ અને તેનાં પરિણામે દેશમાં જાહેર ગુસ્સાનો સામનો કરી રહ્યા છે

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જીલ્લોઃ ડાંગ તા. 18 SEP 2026

ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૯૮૯-જડગ-૧૪૨૦૨૪-૮૨૧-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ચીખલી-સાપુતારા રોડ(SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૪૪-જડગ-૧૪૨૦૨૪-૮૨૧-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં "ચીખલી-સાપુતારા રોડ(SH-15) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા" માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને

૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૨-જડગ-૧૪૨૦૨૪-૮૨૧-ઘ, તા.૧૯/૧૧/૨૦૨૫ થી નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

૩. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૧૨-જડગ-૧૪૨૦૨૪-૮૨૧-ઘ તા.૧૯/૧૧/૨૦૨૫ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જ્યારે, "સદરહું અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના કલેક્ટરના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહું અનુસૂચિત જમીનો સદરહું "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને

૫. તેથી હવે, "સદરહું અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહું અનુસૂચિત જમીનો સદરહું "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, "સદરહું અધિનિયમ" ની કલમ- ૩(જ) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહું અધિનિયમ" નીચે હવે પછી કલેક્ટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગની નિમણૂક કરે છે.

૭. સદરહું અનુસૂચિત જમીનોનાં નકશા, નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ

જીલ્લોઃ ડાંગ	તાલુકોઃ આહવા	મોજે. ચીખલી(શામગહાન સેજા)
અ.નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.)
૧	૧૬૪	૦-૦૭-૬૬
૨	૧૬૯	૦-૦૬-૫૩
૩	૧૭૦	૦-૦૦-૬૬
૪	૧૭૧	૦-૦૦-૫૩
૫	૧૮૬	૦-૦૦-૬૭
૬	૧૮૫	૦-૦૦-૧૮
૭	૧૮૪	૦-૦૦-૧૦
૮	૧૭૭	૦-૦૦-૩૭
૯	૬૨	૦-૦૦-૨૧
૧૦	૬૧	૦-૦૦-૫૨
૧૧	૩૭	૦-૦૦-૪૫
૧૨	૩૩	૦-૦૦-૨૨
૧૩	૩૨	૦-૦૦-૧૧
૧૪	૩૧	૦-૦૮-૫૫
૧૫	૩૦	૦-૧૦-૧૦
૧૬	૨૯	૦-૧૦-૭૮
૧૭	૨૮	૦-૧૫-૪૭
૧૮	૨૧	૦-૦૧-૫૪
૧૯	૧૯	૦-૧૯-૮૩
૨૦	૧૮	૦-૦૩-૫૪
૨૧	૧૭	૦-૧૬-૮૩
૨૨	૧૬	૦-૧૦-૫૧
૨૩	૧૫	૦-૨૦-૪૫
૨૪	૧૪	૦-૨૨-૬૩
૨૫	૧૧	૦-૧૩-૬૧
૨૬	૧૦	૦-૧૨-૯૮
૨૭	૭	૦-૧૭-૦૪
૨૮	૮	૦-૦૪-૨૭
૨૯	૧૭૬	૦-૧૩-૪૬
૩૦	૧૭૫	૦-૦૯-૭૩
૩૧	૧૭૪	૦-૦૩-૦૫
૩૨	૧૭૩	૦-૦૭-૯૮
૩૩	૧૭૨	૦-૧૬-૯૫
૩૪	૧૬૮	૦-૨૯-૪૩
૩૫	૧૬૭	૦-૧૫-૫૫
કુલ		૦૩-૦૨-૪૯

૮. તા.૧૯/૧૧/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક નં. અમ-મ-૨૦૨૫-૮૧૨-જડગ-૧૪૨૦૨૪-૮૨૧-ઘ સાથેની અનુસૂચિમાં નીચેની વિગતે દર્શાવેલ જમીન ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે.તેથી તે જમીનનું ઉપર દર્શાવેલ હેતુ માટેનું સંપાદન આથી પડતું મુકવામાં આવે છે.

સંપાદનમાંથી પડતી મુકેલ જમીનની વિગત

જીલ્લોઃ ડાંગ	તાલુકોઃ આહવા	મોજે. ચીખલી(શામગહાન સેજા)
અ.નં.	સર્વે નંબર	ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી.)
૧	૧૬૪	૦-૦૧-૫૮.૩૪૪૦
૨	૧૬૯	૦-૦૨-૦૭.૫૦૦૮
૩	૧૭૧	૦-૦૧-૧૨.૦૦૭૪
૪	૧૮૬	૦-૦૦-૪૨.૯૯૭૨
૫	૧૮૫	૦-૦૨-૧૯.૮૦૬૬
૬	૧૮૪	૦-૦૨-૧૯.૫૪૭૮
૭	૧૮૩	૦-૦૧-૬૯.૯૧૫૨
૮	૧૭૭	૦-૦૨-૩૮.૨૯૯૪
૯	૬	૦-૦૧-૯૨.૧૧૦૧
૧૦	૪	૦-૦૧-૯૬.૨૮૨૭
૧૧	૬૩	૦-૦૧-૭૭.૪૮૦૯
૧૨	૬૨	૦-૦૦-૫૪.૮૯૬૯
૧૩	૬૧	૦-૦૧-૮૧.૩૬૫૭
૧૪	૩૫	૦-૦૩-૪૬.૭૨૩૯
૧૫	૩૩	૦-૦૦-૮૦.૫૮૯૫
૧૬	૩૨	૦-૦૦-૧૩.૮૭૯૦
૧૭	૩૧	૦-૦૦-૪૩.૦૧૭૬
૧૮	૨૧	૦-૦૧-૨૦.૦૭૯૯
૧૯	૧૯	૦-૦૦-૨૯.૪૩૭૧
૨૦	૧૮	૦-૦૯-૨૮.૩૬૮૩
૨૧	૧૭	૦-૦૫-૪૩.૨૯૫૨
૨૨	૧૬	૦-૦૨-૨૨.૪૦૭૫
૨૩	૧૫	૦-૦૦-૭૪.૩૬૩૬
૨૪	૧૭૪	૦-૦૦-૦.૮૮૮૬
૨૫	૧૭૩	૦-૦૨-૧૦.૬૫૫૧
૨૬	૧૬૮	૦-૦૧-૬૮.૪૭૩૩
૨૭	૧૬૭	૦-૦૦-૭૭.૨૫૪૪
કુલ		૦૦-૫૦-૨૯.૯૮૭૭

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. બી. નિમાવત)
સરકારના નાયબ સચિવ

ક્રમાંકઃમાહિતી/ડાંગ/૧૦૪/૨૦૨૬

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

ટેન્ડર નોટિસ નં. ૦૪/૨૦૨૬-૨૭ (ત્રીજો પ્રયત્ન)
ટોલ ફ્રી નં. ૧૯૧૬

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલભવન, બીજો માળ, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯ દ્વારા ૧૬૫ મીમી વ્યાસના ડી.ટી.એચ બોર તા : ગરૂડેશ્વર જી : નર્મદા ખાતે યોજનાર રાષ્ટ્રીય એકતા દિવસ ના કામો માટે અંદાજીત રકમ રૂ. ૪૧.૫૦ લાખ માટે ટેન્ડર આઇ.ડી નં. ૩૪૮૫૪૭ થી ટેન્ડર પદ્ધતિથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ અને અનુભવી ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે. રસ ધરાવતા ઇજારદારોએ ટેન્ડર ફી/બાનાની રકમ નિયત ધોરણે ભરવાની રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતવાર માહિતી વેબ સાઇટ tender.nprocure.com પર મળી રહેશે. હવે પછીના સુધારા વધારા માટે આ નોટીસમાં દર્શાવેલ વેબ સાઇટ ઉપર જોવાનું રહેશે. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવાની છેલ્લી તા.૦૩-૧૦-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ
સુરત

ક્રમાંકઃમાહિતી-સુરત/૬૫૭/૨૦૨૬

જાહેર નિવિદા

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પહેલો માળ, ખટોદરા કોલોની, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨ ફોન : ૦૨૬૧ - ૨૩૪ ૧૪૫૩.

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પહેલો માળ, ખટોદરા કોલોની, ઉધના દરવાજા, સુરત અને જાગીર વ્યવસ્થાપકશ્રીની કચેરી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, બીજો માળ, ખટોદરા કોલોની, ઉધના દરવાજા, સુરતની કચેરીમાં TDS- Tax deduct at source અને TCS- Tax Collected at source ને લગતી ડી.ડી.ઓ.ની તમામ કામગીરી માટે પ્રતિ ક્વાટર રિટર્ન ફાઈલીંગ અને રીવાઈઝ રિટર્ન ફાઈલીંગ કરવા માટેનાં ભાવો મંગાવવામાં આવે છે. જે ભાવપત્રક અત્રેથી રૂ. ૧૦૦/- + ૧૮% જી.એસ.ટી ૧૮/- = ૧૧૮/- ભરીને (Non Refundable) ભરીને તા. ૨૫/૦૯/૨૦૨૬ થી તા. ૧૦/૧૦/૨૦૨૬ સુધી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂમાં મેળવીને તા. ૧૭/૧૦/૨૦૨૬ સુધી સ્પીડ પોસ્ટ/ રજી. એ. ડીથી કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પહેલો માળ, ખટોદરા કોલોની, ઉધના દરવાજા, સુરત ખાતે કચેરીમાં મોકલી આપવાના રહેશે.

કાર્યપાલક ઇજનેર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સુરત

ક્રમાંક : માહિતી-સુરત/ ૬૬૧ /૨૦૨૬

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

ધ વ્વાન (હિન્દી) ૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે : ૧૦.૧૫
ધ પેરેડાઇઝ (હિન્દી) ૧.૪૫, ૭.૧૫, રાત્રે : ૧૦.૩૦
Resident Evil ૧૧.૧૫, ૬.૩૦
મિરઝાપુર ૨.૪૫ | મિત્રતા ગુજરાતીઃ ૫.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm ◎: @applecinemasurat
હોરર.. રોમાંચક

ધ વ્વાન
લવ સ્ટોરી (હિન્દી)
પીધા પછી (ગુજરાતી)
(હિન્દી) એકશન

ધ પેરેડાઈઝ
ચટણી (ગુજરાતી)
Avengers (હિન્દી)
હનુમાન અંશ
મિરઝાપુર
વાઈબ (હિન્દી)
RESIDENT EVIL (હિન્દી)
મિત્રતા (ગુજરાતી)
મહાકાવ્ય શ્રી રામાયણ કથા શ્રી રામ કી (હિન્દી)

નિવિદા નં.૦૫/૨૦૨૬-૨૭

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા નીચે મુજબના કામોના ઓનલાઈન ઈ-ટેન્ડર થી ભાવો મંગાવવામાં આવે છે. નિવિદા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in ઉપર પણ જોવા મળશે. ઈ-ટેન્ડર www.tender.nprocure.com વેબસાઈટ પર ઓનલાઈન ભરવાનું રહેશે.

અ.નં.	કામનું નામ	ટેન્ડર આઈ.ડી.	કામની અંદાજીત રકમ	ઓનલાઈન ટેન્ડર ભરવાની સમય મર્યાદા
૧.	રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ વેરીયર્સ સ્ટાફ ક્વાર્ટસ એટ એન.એ.યુ. સુરત	348441	60,86,266.28	તા.૨૫/૦૯/૨૦૨૬ (૦૮.૦૦ ક.) થી તા.૦૯/૧૦/૨૦૨૬ (૧૮.૦૦ ક.)
૨.	કન્સ્ટ્રકશન ઓફ શોપીંગ સેન્ટર એટ એન.એ.યુ. નવસારી	348431	1,23,17,385.30	

ઉપરોક્ત કામગીરીઓ માટેની પ્રી-બીડ બેઠક તા. ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે યોજનાર છે.

નોંધઃ ટેન્ડર સબંધિત સુધારા/વધારા અંગેની નોંધ ઉપરોક્ત વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

સહી/-
કાર્યપાલક ઈજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નવસારી
તા.૨૫/૦૯/૨૦૨૬ માહિતી/નવસારી/૩૩૩/૨૦૨૬

વેસ્ટર્ન રેલવે
OHE વર્ક

સીનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), વેસ્ટર્ન રેલવે, મુંબઈ સેન્ટ્રલ દ્વારા ઈ-ટેન્ડર નં.: WR-MMCTOESUB (ESOT)/10/2026(RT-3) તા. 22.09.2026 આમંત્રિત કરવામાં આવે છે.કામનું નામઃ દાદર ખાતે 15 કાર EMUના સમાવેશ માટે પ્લેટફોર્મ નં. 4ના વિસ્તરણના સંબંધમાં OHEનું કામ. કામની અંદાજિત કિંમતઃ રૂ.83,76,824/- બિડ સિક્યુરિટીઃ રૂ.1,67,500/-બંધ થવાની તારીખ અને સમયઃ 21.10.2026, 15.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ 21.10.2026ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0631

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

વેસ્ટર્ન રેલવે
બ્રિજ મજબૂતીકરણની કામગીરી

સીનિયર ડીઇએન (એસ) એમએમસીટી દ્વારા ટેન્ડર નોટિસ નં.: BCT/26-27/161 તારીખઃ 21.09.2026 આમંત્રિત કરવામાં આવે છે. કામગીરી અને સ્થળઃ ચર્ચગેટ (CCG) - વિરાર (VR) સેક્શન - એસએસઇ (પી. વે) અંધેરી સેક્શન હેઠળ અપ અને ડાઉન થ્રુ તેમજ લોકલ લાઇન્સ પર આવેલ મુખ્ય અને મહત્વના બ્રિજ નં. 20નું મજબૂતીકરણ. કામનો અંદાજિત ખર્ચઃ રૂ.3,65,59,760.66 ઈએમડીઃ રૂ.7,31,200.00 સબમિટ કરવાની તારીખ અને સમયઃ 16/10/2026ના રોજ બપોરે 15.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ 16/10/2026ના રોજ બપોરે 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0630

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
(હિન્દી) હોરર, રોમાંચક થ્રીલર

ધ વ્વાન
સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
(હિન્દી) એકશન થ્રીલર

ધ પેરેડાઈઝ
નાની જડાલ, રાઘવ, કીયાડુ લોહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL
Booking Movie Tickets @ Raj Imperial Inox
Ph.: 02612577777
INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
હોરર...રોમાંચક ફિલ્મ

ધ વ્વાન
9.25 am, 10.35 am, 12.20 pm, 3.15 pm, 6.25 pm, 9.20 pm, 10.10 pm
3D હિન્દી

AVENGERS Endgame Encore
ATMOS : 9.45 am, 1.30 pm, 5.15 pm, 9.00 pm
સુપર ડુપર હીટ ફિલ્મ



હનુમાન (હિન્દી) અંશ
9.00 am, 12.00 pm, 3.05 pm, 6.10 pm, 9.15 pm
મિરઝાપુર (ધ મુવી) 1.30 pm, 5.30 pm, 9.25 pm
મિત્રતા (ગુજરાતી) : 1.30 pm, 7.35 pm
વાઈબ (હિન્દી) : 10.30 am
મહાકાવ્ય શ્રી રામાયણ કથા શ્રી રામ કી (હિન્દી) : 4.05 pm